Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

## मेरी भावना

मैत्री भाव जगत में मेरा सब जिवों से नित्य रहे,
दीन दुःखी जीवों पर मेरे उरसे करुणा स्त्रोत बहे।
दुर्जन—क्रूर—कुमार्ग रतों पर क्षोभ नहीं मुझको आवे,
साम्य भाव रक्खूं मैं उन पर ऐसी परिणति हो जावे॥

गुणी जनों को देख हृदय में मेरे प्रेम उमड़ आवे,
बने जहां तक उनकी सेवा करके यह मन सुख पावे।
होउं नहीं कृतघ्न कभी मैं द्रोह न मेरे उर आवे,
गुण ग्रहण का भाव रहे नित दृष्टि न दोषों पर जावे॥

પુસ્તક ૫૬
અંક ૧૦

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

શ્રાવણ
સં. ૨૦૧૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | લેખ | લેખક | પૃષ્ટ |
|---|---|---|---|
| ૧. | પાયામાંથી મુક્તિ | | ૧૨૯ |
| ૨. | ક્રોધ ઉપર ક્રોધ કરો | સાહિત્યચંદ્ર બાલચંદ | ૧૩૦ |
| ૩. | ભવિતવ્યતા | સાહિત્યચંદ્ર બાલચંદ | ૧૩૧ |
| ૪. | અજારા તીર્થ | મુનિશ્રી વિશાલવિજયજી | ૧૩૩ |
| ૫. | વિકૃતિ (૯ કે ૧૦) અને વિકૃતિગત (૩૦) | હિરાલાલ ર. કાપડિયા એમ. એ. | ૧૩૫ |
| ૬. | સાધુ સંન્યાસીઓ યુગદ્રષ્ટા બને | મુનિ નમિચંદ્ર | ૧૪૧ |
| ૭. | સ્વીકાર સમાલોચના | — | ૧૪૪ |


**આ સભાના નવા માનવંતા આજીવન સભ્ય શેઠ જયન્તીલાલભાઇ હીરાચંદભાઈ–મુંબઇ**

## સભાને ભેટ

શ્રી ગોડીજી જૈન ઉદ્યાપન સમિતિ તરફથી પૂ. આ. વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણાથી મખમલ ઊપર જીંકનો છોડ –૧, પુંઠીયું –૧. તોરણ–૧ સ્વ શેઠશ્રી મોહનલાલ મગનલાલના ધર્મપત્ની રસિલાબહેન તરફથી સભાને ભેટ મળેલ છે તે બદલ સૌનો અમે આભાર માનીએ છીએ.

## સ્વર્ગવાસ નોંધ

### પૂ. પંન્યાસ શ્રી મહિમાવિજયજીનો લીંબડી ખાતે થયેલો સ્વર્ગવાસ

સ્વ. આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિશ્વરજી મહારાજના શિષ્ય પ્રસિદ્ધ વકતા પં. શ્રી પ્રવિણ–વિજયજી મણિવરના શિષ્ય પૂ. પં. શ્રી મહિમાવિજયજી મહારાજ ૫૩ વર્ષની ઊંમરે ૩૨ વર્ષ દીક્ષાપર્યાય પાળીને તા. ૮–૭–૬૨ રવિવારે કાળધર્મ પામતા તેઓશ્રીના અંતિમ દર્શનાર્થે સુરત મુંબઇ વિગેરે આજુબાજુ અનેક ગામોથી તેઓશ્રીના ભાવિક ભક્તો આવ્યા હતા તેઓશ્રીની સ્મશાનયાત્રા સાંજે ચાર વાગે નીકળતાં હજારો જૈન જૈનેતરો જોડાયા હતા તે નિમિતે દુકાનો બજારો બંધ રહ્યાં હતા તેઓશ્રીના આત્માને ભવો–ભવ અખંડ શાશ્વત શાંન્તિ રહે એજ અંતિમ પ્રાર્થના

વડોદરાના નામાંકિત ધારા શાસ્ત્રી શ્રીયુત નાગકુમારભાઈ મકાતી મુંબઇ મુકામે તા. ૨૦–૭–૬૨ને શુક્રવારના રોજ પંચાવન વર્ષની ઊંમરે સ્વર્ગવાસી થયેલ છે તેઓ ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા તેમણે સાહિત્યકાર તરીકે ઘણાં પુસ્તકો લખ્યાં હતા આ સભા સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છે છે.

શેઠ ઊજમશી માણેકચંદ સંવત ૨૦૧૮ના અષાડ સુદી ૬ને રવીવારે તા. ૮–૭–૬૨ ૮૬ વર્ષની ઊંમરે ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયેલ છે તેઓ આપણી સભાના આજીવન સભાસદ હતા તેમના અવસાનથી સભાને એક લાયક સભાસદની ખોટ પડી છે તેમના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ આપે તેજ પ્રાર્થના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૯મું ] શ્રાવણ તા. ૭-૮-૬૨ [ અંક ૧૦

## પાપમાંથી મુક્તિ

એક મહાત્માની વાત છે. એક માણુસે પૂછયું: 'મહારાજ, તમારૂં જીવન કેટલું સાદું અને કેટલું નિષ્પાપ છે! અમારૂં એવું કેમ નથી? તમે કદી કોઇપર ગુસ્સે થતા નથી, તમારે કોઈની સાથે તકરાર થતી નથી. તમે કેવા શાંત, પવિત્ર અને પ્રેમાળ છો.!'

મહાત્માએ કહ્યું: 'મારી વાત કરવી હમણાં રહેવા દે, પરંતુ તારી બાબતમાં મને એક વાતની ખબર પડી છે કે તારૂં આજથી સાત દિવસ પછી મરણ થવાનું છે.'

મહાત્માએ કહેલી વાત ખોટી કોણ માને? સાત દિવસ પછી મરવાનું: ફક્ત એકસો ને અડસઠ કલાક બાકી! અરેરે! હવે શું થાય?

તે માણસ ઝટપટ ઘેર પહોંચ્યો. તેને કંઇ સુઝે નહિ. બધી સોંપણનોંધણની વાતો કરી. સોંપણનોંધણ કરી પણ દીધી. પછી તે માંદો પડયો. પથારીએ પડયો, છ દિવસ એમને એમ પસાર થયા. સાતમે દિવસે મહાત્મા તેની પાસે આવ્યા.

મહાત્માએપૂછયું : કેમ છે?

તેણે ઊત્તર આપ્યો : જાઉં છુ હવે.

મહાત્માએ પૂછયું આ છ દિવસમાં કેટલુ પાપ થયું? પાપના કેટલા વિચારો મનમાં ઊઠયા?

પેલો માણસ બોલ્યો: ગુરૂદેવ પાપનો વિચાર કરવાનો વખત જ કયાં હતો? નજર સમક્ષ મૃત્યુ એક સરખું ઘુમ્યા કરતુ હતું

મહાત્માએ કહ્યું : અમારૂ જીવન નિષ્પાપ કેમ હોય છે તે હવે સમજાયું? મરણનો વાઘ હંમેશા સામે ઘુરકતો હોય ત્યારે પાપ કરવાનું ક્યાંથી સુઝે? પાપ કરવું હોય તેને માટે પણ એક જાતની નિરાંત જોઇએ,

'મરણનું હંમેશ સ્મરણ રાખવું' એ પાપમાંથી મુક્ત રહેવાનો એક માત્ર ઇલાજ છે

મરણ સામે દેખાતું હોય ત્યારે કોની હિંમતે માણસ પાપ કરશે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્રોધ ઉપર ક્રોધ કરો

હરિગીત

આત્મા તણો છે પ્રબલ રિપુ જે ક્રોધ બાળે ગુણ ઘણા,
એ જ્ઞાન શોધી ભ્રષ્ટ કરતો બુદ્ધિ સાત્વિક ભાવના.
બહુ કાર્ય અઘટિત એ કરાવે ભાન ભૂલાવી સદા,
કરી ભ્રાંત, દૂષિત, વ્યગ્ર મનને એ હટાવે સર્વદા. ૧

સાક્ષાત અગ્નિ ધમધમે મનકુંડમાંહે એ બળે,
આખું શરીર ધ્રુજાવતો એ શુષ્ક કરતો નહીં ટળે,
દેખાય નહીં એ આંખથી પણ બાળતો એ નિત રહે,
પ્રત્યક્ષ પ્રલયાંગાર છે સાંનિધ્ય એ ભવભવ લહે. ૨

ક્રોધી હરાવા યત્ન કરતો અન્યને નિજ ક્રોધથી,
પણ એ હરાવે નિજતણા શુભ અખિલ સાત્વિક બોધથી,
કૈં મેળવે નહીં પણ ગુમાવે આત્મશક્તિ સહેજમાં,
વ્યવહાર એ ઉલટો એ કરે છે ક્રોધથી સંસારમાં. ૩

જો ક્રોધ કરવા ધારતા હો ક્રોધ ઉપર એ કરો
એ ક્રોધરિપુને તિવ્ર ક્રોધે દૂર હાંકી સંહરો.
જો ક્રોધ જાશે ચિત્તથી તો ક્ષમા, શાંતિ આવશે
આનંદ, મંગલ, શુભમતિથી આત્મ ઉન્નતિ લાવશે. ૪

એ ક્રોધ સહુને બાળતો સુખશાંતિ મનની હારતો,
મૈત્રીતણો કરી નાશ રિપુ વિવિધ અહીં પ્રગટાવતો.
નવનવીન કારણ ક્રોધના એ નિત્ય મનમાં રોપતો,
જેનો ન દીઠો અંત કો' દી, શાંતિ મનની હારતો. ૫

કોઇ કરે જો ક્રોધ અમપર છે ક્ષમા ઔષધ ભલું,
'ક્રોધે ન જાયે ક્રોધ કદી' પણ શાંતિ આપે સુખ બહુ.
માટે ન કરવો ક્રોધ કો'દી; એ રિપુ છે આપણો.
બાલેંદુ વિનવે શાંતિ ધરવી માર્ગ એ છે મુક્તિનો. ૬

સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ-માલેગામ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભવિતવ્યતા !

( લેખક :—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ માલેગામ )

એક ગ્રંથકારે પોતાનો ગ્રંથ લગભગ બે વરસના સતત પ્રયત્નથી બનાવ્યો હતો. તે માટે ઘણા ગ્રંથોનું અવલોકન તેમણે કર્યું હતું. સંદર્ભ ગ્રંથોમાંથી ટિપ્પણિઓ તેમાં મૂકી હતી. અને પોતાની પ્રતિભાથી સિદ્ધાંતોનો મેળ મેળવી પોતાના નિષ્કર્ષોને પુષ્ટ કર્યા હતા. એવી રીતે તે ગ્રંથ લખવામાં તેમણે ખૂબ પરિશ્રમ કરેલ હતો. તે ગ્રંથની પાંડુલીપિ એટલે છાપખાના માટે કોપી તૈયાર કરી હતી. તે વારંવાર તપાસી ગ્રંથ વિદ્વદ્‌ભોગ્ય તૈયાર કરેલો હતો અને તે વાચી ગ્રંથકારે ખૂબ સમાધાન અને આનંદ અનુભવ્યો હતો.

પ્રેસ તરફ મોકલવા માટે તેને સારી રીતે પેક કર્યો હતો. અને પારસલ રજીસ્ટર્ડ કરવા માટે વધુ ટિકીટો પણ ચોડી હતી. અને પોસ્ટની રસીદ પણ મેળવી રાખી હતી. અને સાથે જ એક સાદા કવરમાં પ્રેસવાળાને અમુક ગ્રંથ મોકલવામાં આવ્યો છે એવો નિર્દેશ પણ કર્યો હતો. એટલે એ ગ્રંથ માટે જેટલી કાળજી લેવાની જરૂર હતી તેટલી પૂરી રીતે લેવામાં આવેલી હતી.

મુંબઇની પોસ્ટ ઓફિસમાં યથા સમયે પારસલ પહોંચી ગયું. ત્યાંની પદ્ધતિ મુજબ સાદી ટપાલ લઇ પોસ્ટમેન નિકળી ગયો. અને પ્રેસમાં સાદો કાગળ પહોંચાડી દીધો અને પ્રેસનો મેનેજર પારસલની રાહ જોતો રહ્યો.

રજીસ્ટર્ડ પારસલો વિગેરે લેઇ જવા માટે પોસ્ટમેન તૈયારી કરી રહ્યા હતા. એટલામાં અકસ્માત પોસ્ટ ઓફીસમાં આગ ભભૂકી ઊઠી. અને પેલા ગ્રંથનું પારસલ આગે ક્ષણવારમાં ભસ્મસાત કરી નાખ્યું ! કેવી ભવિતવ્યતા ! નિયતિનો કેવો કઠોર ન્યાય ! બબે વરસોનાં બુદ્ધિ અને જ્ઞાનના પરિશ્રમો એક ક્ષણવારમાં ધૂળ ભેગાં કરી મૂકયા. અગ્નિને કયાં દરકાર હતી કે, ગ્રંથકારને કેવું દારૂણ દુઃખ પડશે ! અને ગ્રંથના જ્ઞાનથી હજારો જિજ્ઞાસુ જ્ઞાન પિયાસુઓને વંચિત રહેવું પડશે !

એવો હોય છે ભવિતવ્યતાનો ન્યાય ! આપણે ગમે તેટલું વિચારપૂર્વક અને સાવચેતી રાખી કરેલું કાર્ય એને મંજુર નહીં હોય તો તે ક્ષણવારમાં કાળના મુખમાં ધકેલી શકે છે.

કોઇપણ કાર્ય સિદ્ધ થવા માટે કાળ, સ્વભાવ, ઉદ્યમ, કર્મ સાથે ભવિતવ્યતા કે નિયતિની અનુકૂલતા હોવી જોઇએ. એટલી ખામી રહી જાય તો કાર્ય સિદ્ધિ થતી નથી.

ગ્રંથકારે પ્રેસને કોપી મોકલવા માટેની બધી શરતો પૂરી કરેલી હતી. પોસ્ટ ખાતાના બધા નિયમો યથાસ્થિત પાળવામાં આવ્યા હતા. અને ટપાલ ખાતાએ પણ તે ગ્રંથને ઇચ્છિત સ્થળે પહોચાડવાની બધી અનુકૂલતા કરી આપેલી હતી. અને ઇચ્છિત સ્થળના નજીકમાં તે ગ્રંથ પહોચાડી પણ આપ્યો હતો. પણ વસ્તુ સિદ્ધિમાં એક કારણ પ્રતિકૂલ થઇ પડ્યું. અને બધી બાજી ઉલટી ગઇ. અને બધી ખટપટ ક્ષણવારમાં નષ્ટભ્રષ્ટ થઇ અને તદ્દન સન્નિધ આવેલી સિદ્ધિ જતી રહી. એનુ કારણ ભવિતવ્યતાની પ્રતિકૂલતા હતું એ સ્પષ્ટ જોવામાં આવે છે,

એવી ઘટનાઓ જગતમાં નિત્ય થયા જ કરે છે. એક ખેડુત પોતાની બળદની જોડી લઇ જંગલમાં જઈ રહ્યો હતો. એવામાં સુંસવાટ કરતો પવન આવવા માંડ્યો. આકાશ વાદળાઓથી ઘેરાઇ ગયું. વિજળીના ધડાકા થવા માંડ્યા. નજીકના આંબાના ઝાડ નીચે ખેડુતે આશરો લીધો. હવાના જોરથી કેરીની એક લુંબ જમીન ઉપર પડી. ખેડુત તે લેવા દોડ્યો. અને બળદની જોડીથી આઘો થયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલામાં વિજળીનો કડાકો થયો. બન્ને બળદો મૃત્યુ પામ્યા. અને પેલો ખેડુત મૂર્છિત થઈ પડ્યો. પણ ભવિતવ્યતાની મદદથી કાળના મ્હોંમાંથી પાછો ફર્યો! એનું નામ નિયતિ!

એ ઉપરથી આપણે શું બોધ તારવવાના? જે થવાનું હશે તે થશે. આપણે એ ફેરવી શકીએ તેમ નથી, માટે છાનામાના બેસી રહેવું? અને એક પ્રેક્ષકની માફક ટગર ટગર જોયા કરવું? ના. એમ કહીને નહીં ચાલે. આપણે તો સમજણ પૂર્વક અને જ્ઞાનીઓએ બતાવેલ માર્ગે કાર્ય કરે જ જવું જોઈએ. પુરૂષાર્થ ફેરવેજ જવું યોગ્ય છે. કારણકે બધી સિદ્ધિઓ પુરૂષાર્થથી જ થઈ શકે છે. જે સ્થગિત થઈ બેશી રહે, કરમ પર હાથ મૂકી બેશી રહે, તેના મ્હોંમાં કોળીઓ શી રીતે આવી પડે? તેના હૃદય મંદિરમાં અજવાળુ ક્યાંથી પ્રગટે? આપણે તો કાર્યસિદ્ધિ માટેના બધા જ કારણો અનુકૂલ કરી લેવા પ્રયત્નશીલ રહેવાનું છે. સાવચેત રહેવું જોઈએ. અને ત્યાર પછી ભવિતવ્યતા જે કરે તેની રાહ જોઈ શકાય. ત્યાં સુધી નહીં. કદાચિત્ ભવિતવ્ય આપણી અનુકૂલ પ્રવૃત્તિની રાહ જોતું હોય. અને આપણી યત્કિંચિત્ ભૂલ કે પ્રમાદથી તે ફરી જવાનો પણ સંભવ હોય! ભવિષ્યના અંધારામાં શું છુપાએલુ છે તે આપણે જાણતા નથી. તે માટે જ આપણે પુરૂષાર્થ ફેરવતા જ રહેવાનું છે. પ્રમાદથી કોઈનું હિત થએલું આપણા જાણવામાં નથી.

ઘણા લોકો કાંઈક પુણ્ય સમજીને કાર્ય કરે છે, અને બીજે જ દિવસે તેના ફળની અપેક્ષા રાખે છે, એ કેવું સુસંગત હોય? પુણ્ય સમજીને જે કાર્ય કરવામાં આવે છે તેમાં પોતાની તન્મયતા કેટલી છે અને પોતાના ત્યાગની માત્રા એમાં કેટલી છે, એનો જરાએ એ વિચાર કરતો નથી. તેમજ ફળની અપેક્ષા રાખી કરેલું પુણ્યકાર્ય પણ કેવું નિષ્ફળ જેવું નિવડે છે એની જરાએ દરકાર હોતી નથી. એ તો એમજ સમજે છે કે, આપણે બજારમાં જઈએ, સાથે થોડા પૈસા હોય, ત્યારે શાકભાજી ખરીદી ઘેરે લાવી શકાય. તેવી જ રીતે દાન પુણ્યના નામે આમતેમ પૈસા ખરચી નાખીએ ત્યારે તેનું ફળ તો મળવું જ જોઈએ. અને આવું ફળ હાથમાં નહીં આવે ત્યારે એવી જાતનું પુણ્ય કરવામાં કાંઈ અર્થ નહી એવી બુદ્ધિ મનમાં સ્થિર થઈ જાય. માટે જ ફળ મેળવવાની આકાંક્ષા રાખ્યા વગર નિઃસ્વાર્થ બુદ્ધિ રાખી, કર્તવ્ય સમજી કરેલું હોય તેવું પુણ્ય જ ફલ આપનારૂ નિવડે. અને એ ફલ પણ તેનાં નિયમોને અનુસરી તેવો પરિપાક થાય ત્યારે જ મળવાનું! આપણી અજ્ઞાન જન્મ ઉતાવળથી નહીં! કદાચ એવું ફળ ભવિષ્યના જન્મોમાં પણ મળે, પણ કર્મના આઘાતો અને પ્રત્યાઘાતો નિષ્ફળ તો જાય જ નહીં.

ભગવદ્‌ગીતામાં પણ કહ્યું છે કે, તમારો અધિકાર કર્મ કરવા પુરતો જ છે. ફળની અપેક્ષાનો નહીં. તેનું ફળ તો યથા કાળે મળી જ જવાનું છે. માટે તમારે સત્કર્મ કરે જ જવું જોઈએ. ભવિતવ્યતાના રૂપમાં તમારા આત્મા સાથે તે નિગડિત થઈ ગયેલું જ હોય છે.

કોઈ પણ સારૂં કે માઠું કર્મ જેવા હેતુથી અને જેવી ભાવનાથી કરેલુ હોય છે તેવા રૂપમાં બીજા કારણો સાથે ભવિતવ્યતાનું જોર વધતા ફળી ભૂત થયા વગર રેહેતું નથી.

હસતા કરેલાં કર્મો રોઈને પણ ભોગવવાનાં હોય છે. કર્તવ્ય અને નિઃસ્વાર્થ બુદ્ધિથી બનેલાં કર્મો પુણ્યરૂપે પરિણમી આત્માને ઉંચે ચઢાવે છે.

ઈત્યલમ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અજારા તીર્થ

લેખકઃ-શ્રી વૃદ્ધિધર્મજયંતોપાસક મુનિ મહારાજ શ્રી વિશાળવિજયજી

સૌરાષ્ટ્રના સોરઠ પ્રાંતમાં દરિયા કિનારે આવેલાં જૈનોનાં તીર્થધામોનો ઇતિહાસ આલેખવાનો ઉદ્દેશ છે. તેથી અજારા, ઉના, દીવ, દેલવાડા, પ્રભાસ પાટણ તેમજ આ તીર્થોની નજીકમાં આવેલાં કોડીનાર, વેરાવળ, માંગરોલ, વંથળી વગેરે ગામોનાં જૈન મંદિરો અને તેના ઇતિહાસ આપવા પ્રયત્ન કરીશું.

ઉનાથી ૧ાા માઇલ દૂર જૈનોનું અજારા પાર્શ્વનાથ નામે તીર્થ છે. ઉનામાં આવેલા શ્રી હીરવિજયસૂરિશ્વર આદિના સ્તૂપના બગીચાથી ૧ાા ગાઉ દૂર છે. અજારા આજે એક નાનું ગામડું છે પણ પ્રાચીન કાળમાં તે એક મોટું નગર હતું. એ વિશે આગળ જણાવીશું.

અજારા ગામ પ્રભાસ પાટણથી ૨૨ કોશ દૂર છે વેરાવલ પ્રભાસ પાટણથી રેલ્વે રસ્તે, મુંબઇ કે ભાવનગરથી જળમાર્ગે સ્ટીમર દ્વારા અને રાજુલા-કુંડલાથી મોટર રસ્તે અહીં આવી શકાય છે રસ્તો સુગમ છે.

અજારા, ઉના, દીવ, દેલવાડા એક—બીજાથી એક-બે કોશના અંતરે આવેલાં ગામો છે

## વર્તમાન સ્થિતિ

**'અઝારઈ હો દાઠઇ આણંદ'**

(પ્રા. તી. પૃ. ૭૧ કડી ૧૯)

અજારા ગામના છેડા ઉપર અજારા પાર્શ્વનાથનું શિખરબંધી જૈન મંદિર આવેલું છે. આ જિનાલયમાં ત્રણ ગભારા છે.

વચ્ચેના મૂળ ગભારામાં મૂળનાયક શ્રી અજારા પાર્શ્વનાથ ભગવંતની ત્રણ તીર્થોની ભવ્ય આરસ પ્રતિમા છે. સં. ૧૯૫૫ અને સં. ૧૯૭૯ની સાલમાં જૂનો લેપ કાઢી નાખીને જ્યારે નવો લેપ કરવામાં આવ્યો ત્યારે એ બિંબ ઘણું પુરાતન હોય એવો ભાસ થતો હતો. લેપ કર્યા પછી આ બિંબ અતિ મનોહર લાગે છે.

આપણી જમણી બાજુના ગભારામાં મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની શ્યામ આરસની પંચતીર્થી પ્રતિમા બિરાજમાન છે. તેની ગાદી પ્રાચીન-શિલ્પયુક્ત છે. એના ઉપર લેખ છે તેનો ભાવાર્થ આ પ્રકારે છે—

સં. ૧૩૪૩ના માહ વદિ ૨ને શનિવારના રોજ મહેતા લાખણના પુત્ર વીરમ, તેના પુત્ર વાસણે પોતાના કલ્યાણ માટે શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવી—

આ પ્રતિમા સં. ૧૯૩૬ની સાલમાં આ ગામના સીમાડાની જમીનમાંથી કાઉસગ્ગિયા, પરિકર, યક્ષ, યક્ષિણી સાથે નવગ્રહ સહિત શ્રી ચિંતામણી પાર્શ્વ-નાથની શ્યામ મૂર્તિ પણ મળી આવી હતી.

આ ગભારામાં મૂળનાયક સહિત આરસનાં ત્રણ બિંબો છે.

ડાબી બાજુના ત્રીજા ગભારામાં ભ. મહાવીર-સ્વામીની એકલ તીર્થી આરસ પ્રતિમા છે. મૂળનાયક સહિત આરસનાં ત્રણ બિંબો છે. આરસનો એક ચોવીશીનો ખંડિત પટ્ટ છે. તેના ઉપર લેખ પણ છે.

શ્રી ગૌતમસ્વામી ગણધરની આરસની એક નાની મૂર્તિ છે ગરદન પાછળ ઓઘો છે. એક હાથમાં નવકારવાળી છે. ને બીજા હાથમાં મુહપત્તિ છે. તેના ઉપર લેખ નથી.

મૂળ ગભારાની બહાર બંને બાજુએ એકેક કાઉસગ્ગિયા પ્રતિમા છે, તે પરિકર સાથેના છે. ૪ ફુટ, ૯ ઇંચની ઊંચાઇ છે. બંને કાઉસગ્ગિયાની નીચેના ભાગમાં દેવી છે, ને પછી બાજુની પાંચ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હારમાં એકેક ભગવાન છે. કાઉસગ્ગિયાનાં કાન પાસે એકેક માળાને ધારણ કરનારા પુરુષો છે. તે પછી બંને બાજુએ એકેક હાથી છે ને હાથી ઉપર ભગવાનની મૂર્તિ છે. કાઉસગ્ગિયાના પગ પાસે બંને બાજુએ એકેક ચામરધર ઇંદ્ર ચામર ઢોળી રહ્યા છે. નીચે બંને બાજુએ ગભીને એક તરફ શ્રાવક અને બીજી તરફ શ્રાવિકાની કૃતિ હાથ જોડીને ચૈત્યવંદન કરતાં હોય તેમ બેઠેલી છે. એક કાઉસગ્ગિયા મૂર્તિ આદીશ્વર ભગવાનની છે જ્યારે બીજી કાઉસગ્ગિયા પ્રતિમા ભ. મહાવીરસ્વામીની છે. નીચે જે શેઠ–શેઠાણીની કૃતિ છે તેણે જ આ કાઉસગ્ગિયા પ્રતિમા ભરાવેલી લાગે છે. એક જ ભક્ત શેઠે આ બંને પ્રતિમાઓ ભરાવી હોય એમ જણાય છે.

આ મૂર્તિઓ નીચે લેખ છે, તેનો ભાવાર્થ આ પ્રકારે છે—

સં. ૧૩૨૩ના જેઠ વદિ ૮ને ગુરુવારે શ્રી ઉદયપ્રભસૂરિની પાટે થયેલા શ્રી મહેન્દ્રસૂરિએ પ્રતિષ્ઠા કરી.

આ લેખ પૂરેપૂરો વંચાતો નથી.

આ બંને કાઉસગ્ગિયા પ્રતિમાઓ સં. ૧૯૪૦ માં અહીંના પ્રસિદ્ધ અજયપાળના ચોતરા નજદીક ખોદકામ કરતાં નીકળી આવેલ છે.

સભામંડપમાં દક્ષિણ તેમજ ઉત્તર દિશા તરફની દિવાલમાં એક ગોખલો છે. તેમાં શ્રાવકનાં પગલાંની એકેક જોડ છે.

સભામંડપની દક્ષિણ તરફની દિવાલમાં ઊંચે એક શિલાલેખ છે. શ્વેત પથ્થરમાં ઉત્કીર્ણ લેખની પહોળાઇ આશરે ૧ ફુટ અને ઊંચાઈ ૧૧ ફુટ છે. તેનો ભાવાર્થ આ પ્રકારે છે.

સં. ૧૬૭૭ના વૈશાખ સુદ ૩ રોહિણીને મંગળવારે ઊનાનિવાસી શ્રીમાલી જીવરાજ દોશીના પુત્ર કુંવરજી દોશીએ દીવાના સંઘની સહાયતાથી શ્રીવિજયદેવસુરી મહારાજની વિદ્યમાનતામાં આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. આ ચૌદમો જીર્ણોદ્ધાર છે.

## शिलालेखः ॥

પહેલો શ્લોક ખંડિત થયેલો હોવાથી વાંચી શકાય તેમ નથી તેથી આપ્યો નથી. ॥ ૧ ॥

श्रीमद्विक्रमतः संवत् मुनि-राशि-रसेन्दुके
(१६७७) ।
वर्षे वैशाखमासेन्दुर्वाघपक्षेऽर्कभूदिने । २ ॥
अक्षयायां तृतीयायां रोहिण्याख्ये नवांबुदे ।
एवं पूर्वशुभे घस्रे जीर्णः प्रासाद उद्धृतः ॥३॥
श्रीमत्पार्श्वजिनेन्द्रस्य कल्याणफलहेतवे ।
श्रीमत्यामजापुर्यां च धुयायां तीर्थसंसदि ॥४॥
श्री श्रीमालिकुलाम्भोधिचन्द्रेण सितकीर्तिना ।
दोसी श्रीजीवराजाह्वसुतेन गुणशालिना ॥५॥
सद्धर्मचारिणा ह्यादुन्नतपुरवासिना ।
श्रीमत्कुंवरजी नाम्ना सद्द्रव्ययस्य व्ययेन च ॥६॥
साहाय्याद् द्वीपसंघस्य गुरुदेवप्रसादतः ।
जाता कार्यस्य संसिद्धिः पुण्यैः किं किं न
सिद्धयति ॥७॥
श्रीमत्तपागणाधीशश्री हीरविजयप्रभोः ।
पट्टे श्रीविजयसेनसूरिः परमभाग्यवान् ॥८॥
तत्पट्टेऽभिविराजति सुगुरौ श्रीविजयदेवसूरीन्द्रे
निष्पन्नोऽयं पुण्यः प्रासादवरश्चिरं जीयात् ॥९॥
तस्य दक्षिणदिग्भागे सद्रङ्गरचनान्विते ।
स्तूपे श्रीऋषभस्वामिपादुकेऽत्र महाद्भुते ॥१०॥
पूजनीयाः शुभाः श्लाघ्या गुरुणां तत्र पादुकाः ।
कारिता मदनाख्येन दोसिना वालयाऽन्विता ॥११॥
धर्मशाला विशाला च सा भाईकेन निर्मिता ॥
साहाय्याद् वरसङ्घस्य दोसीसङ्घस्य तुष्टये ॥१२॥
पण्डितगणमौलिमणेः तार्किक सिद्धान्तवाद्-
शास्त्राब्धेः ।
श्रीमत् कल्याणकुशलसुगुरोश्चरणप्रसादेन ॥१३॥
सच्छिष्यस्य सुबुद्धेविदुषः सुयतेर्दयाकुशलनाम्नः
महतोद्यमेन कृत्यं सिद्धं श्रीभगवतः कृपया ॥१४॥
रम्यो जीर्णोद्धारः श्रीपार्श्वनाथान्वितोऽर्च्यमानश्च
आचन्द्रार्कं राजसु सज्जनजनसुखकरो नित्यम्
॥ १५

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિકૃતિ ( ૯ કે ૧૦ ) અને વિકૃતિગત ( ૩૦ )

( લે. પ્રો. હીરાલાલ ર. કાપડીયા એમ. એ. )

'વિકૃતિ' એ સંસ્કૃત ભાષાનો શબ્દ છે. એને માટેનો પાઇય (પ્રાકૃત) શબ્દ 'વિગઇ' છે. એ 'વિગઇ' શબ્દ જૈન સાહિત્યમાં બે અર્થમાં વપરાયો છે, (૧) વિકાર અને (૨) વિકારજનક ખાવા-પીવાની વસ્તુ. પ્રથમ અર્થવાચક 'વિગઇ' શબ્દ **ઉત્તરજ્ઝયણ** (અ. ૩૨)ના ૧૦૧માં પદ્યમાં જોવાય છે ખરો, પરંતુ એ અત્ર પ્રસ્તુત નથી. દ્વિતીય અર્થવાચક શબ્દ વિવિધ જૈન ગ્રંથોમાં નજરે પડે છે. એ પૈકી કેટલાકની નોંધ આ લેખમાં હું લેનાર છું. 'વિગઇ'ને બદલે કેટલાક જૈનો 'વિગય' શબ્દનો વ્યવહાર કરે છે.

**નાયાધમ્મકહા** ( સુય૦ ૧, અ. ૮, સુત્ર ૬૪, પત્ર ૧૨૨ આમાં 'વિગઇ' શબ્દ દ્વિતીય અર્થમાં વપરાયો છે.

**સંખ્યા—ઠાણ** ( ઠા. ૯, સુત્ત ૬૭૮)માં નીચે મુજબની નવ વિકૃતિઓ ગણાવાઇ છે. (૧) દૂધ, (૨) દહીં, (૩) માખણ, (૪) ઘી, (૫) તેલ, (૬) ગોળ, (૭) મધ, (૮) મદ્ય અને (૯) માંસ.

**પજ્જોસવણાકપ્પ**માંની પાંચમી સામાયારી (સામાચારી)માં પણ આ જ નવ વિકૃતિઓનો ઉલ્લેખ છે. **આવસ્સયની નિજ્જુત્તિ** ( ગા. ૧૬૦૧ ) ની સમભાવવાળી **હરિભદ્રસૂરિ**એ રચેલી ટીકા (પત્ર ૯ માં તેમજ **પંચવત્થુગ** (ગા. ૩૭૧) માં ઉપર્યુક્ત નવ વિકૃતિઓ ઉપરાંત 'અવગાહિમક' નામની દસમી વિકૃતિ દર્શાવાઇ છે. **પચ્ચખ્ખાણભાસ** (ગા. ૩૦)માં પણ દસ વિકૃતિઓ દર્શાવાઇ છે. એમાં 'અવગાહિમક'ને બદલે 'પકવાન'નો ઉલ્લેખ છે.

**વર્ગીકરણ**-ઠાણ ( ઠા. ૪, સુત્ત ૨૭૪) માં વિકૃતિઓમાં ત્રણ વર્ગ પડાયા છે: (૧) ગોરસ-વિકૃતિ, (૨) સ્નેહ-વિકૃતિ અને (૩) મહાવિકૃતિ. વિશેષમાં અહીં પ્રત્યેક વર્ગમાં ચચ્ચાર વિકૃતિઓનો નીચે પ્રમાણે નિર્દેશ છે:—

ગોરસ-વિકૃતિઓ ચાર છે: (૧) દૂધ, (૨) દહીં, (૩) ઘી અને (૪) માખણ.

સ્નેહ-વિકૃતિઓ ચાર છે: (૧) તેલ, (૨) ઘી, (૩) ચરબી અને (૪) માખણ.

મહાવિકૃતિઓ ચાર છે: (૧) મધ, (૨) માંસ, (૩) મદ્ય અને (૪) માખણ.

આ ઉપરથી જોઇ શકાશે કે માખણ એ ત્રણે વર્ગની વિકૃતિ છે, જ્યારે ઘી ગોરસ-વિકૃતિ તેમજ સ્નેહ-વિકૃતિ એમ બે વર્ગની છે, અને બાકીની તો કોઇ એક જ વર્ગની છે. વિશેષમાં આ વર્ગીકરણમાં -ત્રણ વર્ગના પ્રકારોમાં 'ગોળ' નો ઉલ્લેખ નથી; એને બદલે ચરબીનો છે. ગમે તેમ પણ અહીં પણ નવ જ વિકૃતિઓ દર્શાવાઇ છે.

---

"संवत् १६७७ वर्षे वैशाख सुदि ३ शनौ श्री अजारापुर महातीर्थ जीर्णोद्धारो जात: । श्री तपागच्छे भट्टारक प्रभुश्री पू. श्री विजयदेवसूरिविजयराज्ये पं. श्री मेरुमुनीन्द्रगणि शिष्य पं. श्री कल्याणकुशलगणि शिष्य पं० श्रीदयाकुशलगणि शिष्येण प्रशस्तिरियं लिखिता गणि भक्तिकुशलेन । श्रीरस्तु ॥"

સભામંડપની બહાર ભમતીમાં જવાના બંને તરફ દરવાજા છે તેની પાસેના ગોખલામાં એક ઘંટ છે. એ ઘંટનું વજન ૩૫ રતલ છે. તેના ઊપર આ પ્રકારે લેખ છે.

"श्री अजारापार्श्वनाथ सं. सं. १०३४ शा. रायचंद जेचंद ॥"

બીજો ઘંટ અહીં હતો તેના ઉપર પણ લેખ હતો તેનો ભાવાર્થ આ પ્રકારે હતો.

સં. ૧૬૬૨ના અષાડ સુદિ ૨ ઊનાવસ્તવ્ય શ્રી જગપાલભાર્યા બાઇ હબકબાઇના પુણ્યાર્થે ઘંટ કારિત.

આ ઘંટ હવે અહીં જણાતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**દશ વિકૃતિઓના અવાંતર ભેદો**–દૂધમાં પાંચ પ્રકારો છેઃ (૧) ગાયનું, (૨) ભેંસનું, (૩) ઊંટડીનું, (૪) બકરીનું અને (૫) ઘેટીનું. મનુષ્ય–સ્ત્રી[૧] વગેરેનું દૂધ વિકૃતિ નથી.

દહીંના ચાર પ્રકારો છેઃ ઉપર્યુક્ત પાંચ પ્રકારના દૂધ પૈકી ઊંટડીના દૂધ સિવાયનાં દૂધમાંથી બનાવેલાં દહીં.

માખણના પણ તેમજ ઘીના પણ એ જ રીતે ચચ્ચાર પ્રકાર છેઃ આનું કારણ એ છે કે ઊંટડીના દૂધમાંથી દહીં, માખણ કે ઘી બનતું નથી, કેમકે એમાં 'સરઢ'[૨] હોય છે એમ **પવયણસારુદ્ધાર** (ગા. ૨૧૮)ની **તત્ત્વપ્રકાશિની** નામની વૃત્તિ (પત્ર ૫૩ આ)માં કહ્યું છે.

તેલના ચાર પ્રકાર વિકૃતિ ગણાય છેઃ (૧) તલનું, (૨) અલસીનું, (૩) કુસુંભનું[૩] (કસુંબાનું), અને (૪) સરસવનું (સરસિયું). ડોલ, મહુડાનાં ફળ, નાળિયેર, એરંડિયા, શિંશપા વગેરેનાં તેલ વિકૃતિ નથી. આથી જોઈ શકાશે કે ડોળિયું (મહુડાના ડોળનું તેલ), કોપરેલ, એરંડિયું (દિવેલ) વગેરે વિકૃતિ નથી. કેટલાક આવા તેલ તરીકે ભોંયસિંગનું તેમજ કપાસિયાનું તેલ પણ ગણાવે છે

ગોળના બે પ્રકાર છે: (૧) દ્રવ–ગોળ અને (૨) પિંડ–ગોળ દ્રવ–ગોળ એટલે ઢીલો–રાબડિયો રસરૂપ ગોળ અને પિંડ-ગોળ એટલે કાઠો ગોળ.

મદ્યના બે પ્રકાર વિકૃતિ છે; (૧) કાષ્ઠ–નિષ્પન્ન અને (૨) પિષ્ટ–નિષ્પન્ન. કાષ્ઠ–નિષ્પન્ન એટલે શેરડી, તાડ વગેરેમાંથી બનાવાયેલો અને પિષ્ટ-નિષ્પન્ન એટલે ષષ્ટિકા, કોદ્રવ, (કોદરા), ચોખા વગેરેમાંથી બનાવાયેલો. 'ષષ્ટિકા'નો અર્થ 'સાઠી ચોખા' કરાય છે.

મધના ત્રણ પ્રકારો વિકૃતિ છેઃ (૧) માખીએ બનાવેલ, (૨) [૧]કુત્તિકાએ બનાવેલ અને (૩) ભમરાએ બનાવેલ. 'કુત્તિકા'નો અર્થ જંગલમાં થનારાં અને વર્ષાકાળે વિશેષ જણાતાં 'બગતરાં' કરાય છે. આને જ કેટલાક 'ચતુરિન્દ્રિય એક જાતના કીડા' કહે છે.

માંસના ત્રણ પ્રકારો વિકૃતિ છે: (૧) જલચરનું, (૨) સ્થલચરનું, અને (૩) ખેચરનું. જલચર એટલે માછલાં વગેરે. સ્થલચર માછલાબકરા, પાડા, (ડુક્કર), સસલાં, હરણ, વગેરે. ખેચર એટલે લાવક (લાવરી) અને ચકલા વગેરે.

માંસના ત્રણ પ્રકાર જે વિકૃતિ ગણાય છે તે અન્ય રીતે પણ જાણવા: (૧) ચામડું, (૨) ચરબી અને (૩) લોહી

'ઓગાહિમક' એટલે ઘી કે તેલથી ભરેલી તાપિકા (તાવડી)માં 'ચલ ચલ' એવો અવાજ કરતી [૨]સુકુમારિકા ઇત્યાદિ રંધાય છે–તળાય છે ત્યારે એક ઘાણ સમજવો. પછી એ જ ઘી કે તેલમાં બીજો ઘાણ, અને પછી એમાં જ ત્રીજો ઘાણ તૈયાર કરાય તો આ ત્રણે ઘાણ વિકૃતિ છે. પરંતુ એ જ ઘી કે તેલમાંનો ચોથો ઘાણ વિકૃતિ નથી. અને એથી યોગ વહન કરનારાઓએ નિર્વિકૃતિક અર્થાત્ નીવીનું પ્રત્યાખ્યાન (પચ્ચકખાણ) કર્યું હોય તેમને એ કલ્પે–ખપે.

એક જ પૂપક (પૂડા)થી કે ખજ્જક (ખાજા)થી આખી તાપિકા ભરી હોય તો તેમાં બીજો પૂડો

૧ વગેરેથી ગધેડી, વાઘણ, સિંહણ વગેરે સસ્તન પ્રાણીઓ સમજવાં.

૨ આનો અર્થ જાણવો બાકી રહે છે.

૩ આથી 'કસુંબાનું' એવો અર્થ કરાય છે.

૧ **આવસ્સયની** ચુણ્ણિ (ભા. ૨, પત્ર ૩૧૯–૩૨૦)માં દૂધ, દહીં, માખણ ઘી, તેલ, મધ, મદ્ય, ગોળ અને પુદ્ગલ (માંસ) એમ નવ વિકૃતિ ગણાવી દરેકના અવાંતર ભેદો દર્શાવાયા છે. ત્યાર બાદ દસમી વિકૃતિ તરીકે ઓગાહિમ (સં. અવગાહિમ)નો ઉલ્લેખ અને એનું સ્પષ્ટીકરણ છે. હરિભદ્રીય ટીકા અને અનુસરે છે.

૨ આનો અર્થ 'સુખડી' કરાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વગેરે** નાખવાથી વિકૃતિ થતી નથી. નિર્વિકૃતિકોને પણ એ કલ્પે.

**ભક્ષ્ય વિકૃતિઓ**— વિકૃતિઓના **પચ્ચક્ખાણભાસમાં** ભક્ષ્ય અને અભક્ષ્ય એમ બે વર્ગ પડાયા છે. એની ૩૦મી ગાથામાં નીચે મુજબ છ ભક્ષ્ય વિકૃતિ ગણાવાઈ છે.

(૧) દૂધ, (૨) ઘી, (૩) દહીં, (૪) તેલ, (૫) ગોળ અને (૬) પકવાન્ન. ગાથા ૩૦-૩૧માં દૂધના ૫, ઘીના ૪, દહીંના ૪, તેલના ૪, ગોળના ૨ અને પકવાન્નના ૨ એમ ૨૧ પ્રકારનો ઉલ્લેખ છે. અહીં કુસુંભને બદલે 'લટ્ટ'નો ઉલ્લેખ છે ખરો, પણ એથી અહીં અર્થમાં ફરક પડતો નથી. 'લટ્ટ'નો અર્થ ખસખસ વગેરેનું તેલ એમ પણ થાય છે.

**અભક્ષ્ય વિકૃતિઓ** - **પચ્ચક્ખાણભાસની** ૪૧મી ગાથામાં મધ, મદ્ય, માંસ અને માખણને ચાર 'અભક્ષ્ય વિકૃતિઓ' કહી છે. સાથે સાથે એ ચારના અનુક્રમ ૩, ૨, ૩ અને ૪ પ્રકાર છે એમ પણ કહ્યું છે; છ ભક્ષ્ય વિકૃતિના ૨૧ પ્રકાર સાથે ચાર અભક્ષ્ય વિકૃતિના ૧૨ પ્રકાર ગણતાં દસ વિકૃતિના એકંદર ૩૩ પ્રકાર થાય છે.[૧] **પવયણસારોદ્ધાર** (ગા. ૨૨૫)માં ૩૨ પ્રકારો નીચે મુજબ દર્શાવાયા છે:— દૂધ (૫), દહીં (૪), તેલ (૪), માખણ (૪), ઘી (૪), ગોળ (૨), મધ (૩), માંસ (૩), મદ્ય (૨) અને પકવાન્ન (૧). આમ અહીં પકવાન્નનો એક જ પ્રકાર ગણ્યો છે એટલે એકનો ફેર રહે છે; બાકીની નવ વિકૃતિના પ્રકારોની સંખ્યામાં કશો તફાવત નથી.

**દ્રવ-વિકૃતિ**—ઉપર્યુક્ત દસ વિકૃતિના (૧) દ્રવ-વિકૃતિ, (૨) પિંડ-વિકૃતિ તેમજ (૩) દ્રવ-પિંડ-વિકૃતિ એમ ત્રણ વર્ગ પડાય છે. **પચ્ચક્ખાણભાસ** (ગા. ૨૨)માં આ ત્રણ વર્ગ પૈકી પ્રત્યેકની વિકૃતિઓ નીચે મુજબ દર્શાવાઈ છે:-

દૂધ, મધ, મદિરા અને તેલ એ ચાર 'દ્રવ-વિકૃતિ' છે. એ ચારે પ્રવાહી છે. માખણ અને પકવાન્ન એ બે પિંડ-વિકૃતિ છે, કેમકે એ બે પિંડ જેવી છે, ઘી, ગોળ, દહીં અને માંસ એ દ્રવ-પિંડ-વિકૃતિ છે, કેમકે એ પ્રવાહી તેમજ પિંડરૂપ છે.

દ્રવ-વિકૃતિને કેટલાક '**રસ-વિકૃતિ**' કહે છે અને પિંડ-વિકૃતિને 'કડાહવિગઈ કહે છે. ખરી રીતે તમામ વિકૃતિ '**રસ-વિકૃતિ**' છે.

**રસ-વિકૃતિ—તત્ત્વાર્થાધિગમસૂત્ર** (અ. ૯, સૂ. ૧૯)ના સ્વોપજ્ઞ ભાષ્ય (ભા. ૨, પૃ. ૨૩૮)માં મધ, માંસ, મધ અને માખણ વગેરેને 'રસ-વિકૃતિ' કહી છે. સિદ્ધસેનગણિએ 'વગેરે'થી દૂધ, દહીં, ગોળ, ઘી અને તેલ એ પાંચ વિકૃતિઓનો ઉલ્લેખ આના ઉપરથી પોતાની ટીકા (પૃ. ૨૩૯)માં કર્યો છે. વિશેષમાં અહીં એમણે મધના ત્રણ પ્રકારો, નવનીત યાને માખણના ચાર, દૂધના પાંચ, દહીંના ચાર, અને તેલના ચાર પ્રકારો ગણાવી દસમી વિકૃતિ તરીકે ઘી વગેરેમાંના અવગાહથી નિષ્પન્ન વિકૃતિ દર્શાવી છે. ગોળની વિકૃતિ એટલે શેરડીનો વિકાર. એમ કહી "**फाणितादि प्रसिद्धं खण्डशार्कराः**" એમ કહ્યું છે. અહીં તેલના ચાર પ્રકાર ગણાવતાં તલ, અલસી, [૨]સિદ્ધાર્થક અને કુસુંભકનો ઉલ્લેખ કરાયો છે. માંસને અંગે "**सर्वरसातिशायी वृष्यतमश्च**" એમ કહ્યું છે.

**મહાવિકૃતિઓના દોષો અને એનો ત્યાગ**—

'કલિકાલ સર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **યોગશાસ્ત્ર** (પ્ર. ૩, શ્લો ૬-૭)માં [૩]બાર વસ્તુઓ ત્યજવી એમ કહ્યું છે. એમાં મદ્ય, માંસ, માખણ અને મધનો પ્રારંભમાં જ નિર્દેશ છે. ત્યાર પછીના શ્લો ૮-૧૭માં મદ્યપાનના દોષો દર્શાવી એના સ્વોપજ્ઞ વિવરણમાં એનું સ્પષ્ટીકરણ આપી શ્લો. ૧૭ના સ્પષ્ટીકરણમાં તેર આંતર શ્લોકો આ સૂરિએ આપ્યા છે.

---

૧. જુઓ **પચ્ચક્ખાણભાસ** (ગા. ૨૯). એમાં ૨૧+૧૨ પ્રકારનો ઉલ્લેખ છે.

૨ આનો અર્થ 'સરસવ' છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્લો. ૧૮–૩૩માં માંસ ભક્ષણના દોષો દર્શાવી શ્લો. ૩૩ના સ્વોપજ્ઞ વિવરણમાં સોળ આંતરશ્લોકો આપ્યા છે. શ્લો. ૩૩ના સ્વોપજ્ઞ વિવરણમાં કહ્યું છે કે માંસની કાચી, પકવેલી તેમજ પકવાતી પેશીઓમાં નિગોદના જીવો સતતપણે ઉત્પન્ન થાય છે.[૪]

શ્લો. ૩૪–૩૫માં માખણ ખાવાથી ઉદ્ભવતા દોષોનું નિરૂપણ છે. શ્લો. ૩૪માં કહ્યું છે કે અંતર્મુહૂર્ત બાદ માખણમાં ઘણા સૂક્ષ્મ જંતુઓના સમૂહો ઉત્પન્ન થાય છે.

શ્લો. ૩૬–૪૧માં મદ્ય ખાવાથી જે દોષો ઉદ્ભવે છે તે દર્શાવાયા છે.

**સંબોહપયરણ**માં 'સાવયવય' અધિકારમાં નિમ્નલિખિત ૭૬મી ગાથામાં કહ્યું છે કે મદ્ય, મધ, માંસ અને માખણ એ ચારેમાં તે તે વર્ણના અસંખ્ય જંતુઓ ઉત્પન્ન થાય છે.

"मज्जे महुम्मि मंसम्मि नवनीयम्मि चउत्थए।
उप्पज्जंति असंखा तव्वण्णा तत्थ जन्तुणो ॥७६॥"

**વિકૃતિઓનું અશનાદિમાં અવતરણ**—પ. સા. (ગા. ૨૧૧)માં કહ્યું છે કે (ચાર જાતના આહાર પૈકી) 'પાન'માં [૫]'સરક' વિકૃતિ, 'ખાદિમ'માં પકવાન્નનો અંશ,–સ્વાદિમમાં ગોળ અને મધ અને 'અશન'માં બાકીની સાત વિકૃતિ ઊતરે છે.

એની વૃત્તિ (પત્ર ૫૨ અ)માં કહ્યું છે કે પકવાન્નનો અંશ એટલે ગોળ ધાણા વગેરેમાંનો પક્વ મુંદનો અવયવ વગેરે બાકીની સાત વિકૃતિ તે દૂધ, દહીં, ઘી, તેલ, પકવાન્ન માખણ અને માંસ છે.

[ ૨ ]

**૩૦ વિકૃતિગત યાને નીવિયાતાં**—વિકૃતિગત એટલે વિકૃતિ નહિ, પરંતુ વિકૃતિમા રહેલ યાને વિકૃતિને આશ્રિત એ નિર્વિકૃતિક છે, એથી સામાન્ય જૈનો એને 'નીવિયાતું' કહે છે.

**પવયણસારોદ્ધાર** (દાર ૪, ગા. ૨૨૭–૨૩૪)માં છ યે ભક્ષ્ય વિકૃતિ પૈકી પ્રત્યેકનાં પાંચ પાંચ વિકૃતિગતનાં નામ અપાયાં છે એટલું જ નહિ પણ કોઇ કોઇનું સ્પષ્ટીકરણ પણ અપાયું છે.

**દૂધનાં પાંચ નીવિયાતાં**—(૧) પેયા, (૨) દુગ્ધાટ્ટી, (૩) દુગ્ધાવલેહિકા, (૪) દુગ્ધસાટિકા અને (૫) ક્ષીર એ દૂધનાં પાંચ નીવિયાતાં છે. 'પેયા' એટલે દૂધની કાંજી (કાંજીક).[૬] ખટાશથી યુક્ત દૂધ 'દુગ્ધાટ્ટી' એને 'કિલારિકા' કહે છે.[૭] કેટલાક એને 'બલહિકા'* કહે છે.[૮] કોઇ કોઇ એને 'ફેદરી'

---

૩ ઉદુમ્બર (ઉમરા) વગેરે પાંચ વૃક્ષનાં ફળ, અનંતકાળ, અજ્ઞાત ફળ, રાત્રિભોજન, દ્વિદળ, વાસી અન્ન, બે દિવસ ઉપરનું દહીં અને કોહી ગયેલું અન્ન એમ આઠ વસ્તુઓ ચાર મહાવિકૃતિના ઉલ્લેખ પછી ગણાવી છે.

૪ સરખાવો **સંબોહપયરણ** (સાવય. અધિકાર, ગા. ૭૫).

૫ આના બે અર્થ થાય છેઃ (૧) ગોળ અને ધાતરીનો બનેલો દારૂ અને (૨) મદિરાનું પાન.

૬ **પ. સા.** (ગા. ૨૨૭) ની વૃત્તિમાં આ અર્થ અપાયો છે.

**પચ્ચખાણભાસ** (ગા. ૩૨)માં તો થોડા ચોખા નાંખીને પકાવેલા દૂધને 'પેયા' કહેલ છે. જ્યારે ઘણા ચોખા નાંખ્યા હોય તો તેને 'ક્ષીર' કહેલ છે.

૭ જુઓ **પ. સા.** ગા. ૨૨૮)ની વૃત્તિ.

૮ **પ. સા. વૃ.** (પત્ર ૫૫ આ).

* આ તરતની–ત્રણ દિવસ ઉપર વિંયાએલી ગાય કે ભેંસ વગેરેના દૂધની બને છે, એને 'બલહટાં' તેમજ 'બળી' કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહે છે.[૪] ચોખાનું[૫] ચૂર્ણ (લોટ) નાંખીને પકાવેલું દૂધ તે 'દુગ્ધાવલેહિકા' છે. દરાખથી મિશ્રિત દૂધ પકાવાય તો તે 'દુગ્ધસારિકા' કહેવાય છે. એને 'પયઃસાટી' પણ કહે છે.

૫. સા. (ગા. ૨૨૮)માં દુગ્ધાટ્ટી, પયઃસાટી અને દુગ્ધાવલેહિકાના અર્થ અપાયા છે. "જૈન શ્રેયસ્કર મંડળ" તરફથી વિ. સ. ૧૯૩૦માં છપાવેલા 'ત્રણ ભાષ્ય ભાવાર્થ સહિત" (પૃ. ૨૧૭)માં પેયાનો અર્થ 'દૂધપાક' કરાયો છે. વિકૃતિ અન્ય યોગ્ય દ્રવ્યના સંયોગ વિના 'નિવિકૃતિ' થાય નહિ. એ હિસાબે અત્યારે પ્રચલિત બાસુદી નીવિયાતું ન ગણાય.

**દહીંનાં પાંચ નીવિયાતાં**— (૧) ઘોલવડાં, (૨) ઘોલ, (૩) શિખરિણી, (૪) કરંબ અને (૫) સલવણ દધિ. ઘોલવડાં એટલે ઘોલથી યુક્ત વડાં.[૧] ઘોલ એટલે કપડા વડે ગાળેલું–છણેલું–મથેલું દહીં. શિખરિણી એટલે હાથે વલોવેલું અને ખાંડવાળું દહીં.[૨] કરંબ એટલે કરથી યુક્ત દહીં.[૩] લવણના કણથી યુક્ત અને વલોવાયેલું દહીં તે 'સલવણદધિ' એનો [૪]'રાજિકાખાટક' એવો અર્થ કરાય છે. એમાં સંગરિકા (સાંગરી) વગેરે ન નંખાએલ હોય તોપણ એને નીવિયાતું કહ્યું છે. સંગરિકા અને પુંસ્ફલની કકડી પડતાં તો એ નીવિયાતું થાય છે જ.

**ઘીનાં પાંચ નીવિયાતાં**-(૧) પાકું ઘી, (૨) ઘીનો મેલ, (૩) ઔષધિને ઘી સાથે પકાવતાં તેના ઉપર વળતી ઘીની તરી (તરિકા), (૪) નિર્ભંજન અને (૫) વિસ્યંદન. ઔષધો વડે પકાવેલું ઘી તે પાકું ઘી. દા. ત. સિદ્ધાર્થક ઇત્યાદિ. 'નિર્ભંજન' એટલે પકવાન્ન તળ્યા પછી (કડાઈમાં) રહેલું બળેલું ઘી. 'વિસ્યંદન' એટલે દહીંની તરી અને (ધાન્યની) કણિકા (? કણક) મેળવીને બનાવેલી ચીજ[૫]. એ 'સપાદલક્ષ' દેશમાં જાણીતી છે.

**તેલનાં પાંચ નીવિયાતાં**-(૧) તેલની મલી, (૨)[૬] તલની કુટ્ટિ, (૩) દગ્ધ તેલ, (૪) ઔષધિઓના ઉપરનું તેલ અને (૫) લાક્ષાદિ દ્રવ્યથી પકાવેલ તેલ. 'દગ્ધ' તેલ એટલે નિર્ભંજન.[૭] એ તળેલા પકવાન્નથી ઊતરેલું બળેલું તેલ છે. આમ એ પકવાન્નનું લક્ષણ છે.[૮]

**ગોળનાં પાંચ નીવિયાતાં**—(૧) અડધો ઉકાળેલો શેરડીનો રસ, (૨) [૯]ગોળનું પાણી, (૩) સાકર, (૪) ખાંડ અને (૫) [૧૦]પાકો ગોળ (પાક ગુડ)

---

૪ જુઓ વેણીચંદ સૂરચંદે વિ. સ. ૧૯૦૬માં છપાવેલ "ચૈત્યવંદનાદિ ભાષ્યત્રયમ્" (પૃ. ૨૫૪). એક આધુનિક લેખકે દુગ્ધાટ્ટીના અર્થ તરીકે માવો અને મલાઈનો ઉલ્લેખ કર્યો છે તે શું ઉચિત છે?

૫ આને 'કૂકરણું' કહે છે. જુઓ "ચૈ૦ ભાષ્યત્રયમ્" (પૃ. ૨૫૩).

૧ કેટલાક આને કાંજીવડાં તેમજ દહીંવડાં તરીકે ઓળખાવે છે.

૨ શિખરિણીનો અર્થ કેટલાક 'શિખંડ' કરે છે.

૩ આને કેટલાક 'સીઘોરો' કે 'દધિસીઘોરો' કહે છે.

૪ આનો અર્થ દહીંનું રાઇતું કે દહીંનો મઠો હોવાની સંભાવના કેટલાક કરે છે. 'રાજિકા' એટલે 'રાઇ'

૫ આને કેટલાક 'કુલ્લરી' કહે છે. ત્રણ 'ભાષ્ય' (પૃ. ૨૧૮)માં આને 'કુલેર' કહી છે—

૬ તલ તથા ગોળ કુટીને–ખાંડીને એકત્રિત કરાય તેને 'તિલકુટ્ટી' અર્થાત્ 'તિલવટ' કહે છે,

૭ કેરી વગેરેના સરસિયા વગેરે તેલને પણ 'નિર્ભંજન' કહે છે.

૮ તેલના તલની કુટ્ટિ સિવાયના ચાર નીવિયાતાંનાં નામ ઘીનાં વિસ્યંદન સિવાયનાં નીવિયાતાંનાં નામ સાથે મળતાં આવે છે. અને એ રીતે અર્થના સમાનતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાક ગુડ વડે ખાજાં વગેરે લેપાય છે. એ 'પાક-ગુડ'નો અર્થ કેટલાક 'ગોળની ચાસણી' કરે છે.

**પકવાન્નમાં અર્થાત્ 'કડાહવિગઈ'નાં પાંચ નીવિયાતાં**—(૧) એક ઘાણ પછીનું, (૨) ત્રણ ઘાણ પછીનું (૩) ગુડધાનિકા, ઇત્યાદિ, (૪) જલ-લપનશ્રી, અને (૫) ચીકાસથી લેપાયેલી તાવડીમાં પકવેલો પૂડો. સમગ્ર તાવડાને ઢાંકે એવા પૂડા ઉપર બીજો પૂડો તળાય તો એ બીજો પૂડો પહેલું નીવિયાતું છે. બીજું નીવિયાતું એટલે ત્રણ ઘાણ પછી નવું ઘી ઉમેર્યા વિના એ જ ઘીમાં પકવેલ ચીજ. 'ગુડ-ધાનિકા' એટલે ગોળધાણી.

જલ-લપનશ્રી એટલે પાણી વડે સિજાવેલી લાપસી. સુકુમારિકા વગેરે પકવાન્ન તળ્યા બાદ જે ઘી કે તેલ વધ્યું હોય તેનાથી ખરડાયેલા તવામાં પાણી સાથે રાંધેલી લાપસી તે 'જલ-લપનશ્રી' છે. ઘઉંના ઉરણા ને ગોળનાં પાણીને ઘી વગેરે સાથે ભેળવી સીજવે તેને 'મરુ' દેશમાં લાપસી તેમજ 'લહગટુ' કહે છે. એ જ 'જલ-લપનશ્રી' છે.

પાંચમું નીવિયાતું એટલે પોતું દઇને સીજવેલો, નહિ કે તળેલો, પૂડો એમ **પચ્ચક્ખાણભાસ** (ગા. ૩૫)માં કહ્યું છે.

નીવિયાતાં ત્રીસ જ નથી. આ તો સામાન્યથી મુખ્ય મુખ્યનો જ નિર્દેશ છે. બાકી દરેક ભક્ષ્ય વિકૃતિનાં વિવિધ રૂપાંતરોથી બીજાં પણ ઘણાં નીવિયાતાં છે, એ અન્ય ગ્રંથથી જાણી લેવાં.

આંબેલ (પા. આયંબિલ, સં. આયામામ્લ કે આચામામ્લ) કરનારને એક પણ વિકૃતિ તો શું, પણ એકે નીવિયાતું યે ન ખપે, જ્યારે નીવી કરનારને કોઇ પણ નીવિયાતું ખપે; બાકી એને પણ વિકૃતિ ન જ ખપે.

વ્રતધારી શ્રાવક-શ્રાવિકા તેમજ શ્રમણ-શ્રમણી મહાવિકૃતિનું સેવન ન કરે એ દેખીતી વાત છે. વિશેષમાં છ ભક્ષ્ય વિકૃતિઓનું પણ વારંવાર કે વધુ પ્રમાણમાં સેવન કરાય તો એ સંયમી જીવનને બાધક ગણાય છે. 'ઉપભોગ પરિભોગ' વ્રતના અતિચારો પૈકી [૧૧]અભિષવ-આહાર વિષે પૂરતી સાવચેતી રાખવી ઘટે.[૧૨]

ભક્ષ્યાભક્ષ્યના સંબંધમાં શ્રી **ગોપાલદાસ** જીવાભાઇ પટેલ દ્વારા સંપાદિત **યોગશાસ્ત્રનાં** પૃ. ૨૫૮-૨૫૯માં મનુસ્મૃતિ (અ० ૫, શ્લો. ૫ ૪૦) નો, પૃ. ૨૫૯માં એના અ. ૬, શ્લો. ૧૨-૨૧ તથા અ. ૧૧, શ્લો. ૯૩નો તેમજ પૃ. ૨૫૯-૨૬૦માં **ભવિષ્યત્-પુરાણમાં** વર્ણવેલા આઠ પ્રકારનાં અભક્ષ્યનો તથા **હઠયોગ પ્રદીપિકા** (૧-૧૮) **ઘેરંડ-સંહિતા** (૫-૧૭) અને **બ્રહ્મપુરાણ**માંથી પ્રાસંગિક બાબતોનો સારાંશ અપાયો છે.

---

૯ કેટલાક અખાત્રીજે કરાતું 'ગળમાણું' એવો અર્થ કરે છે અને એ માટે 'ગુલવાણુય' પાઠ રજૂ કરે છે.


૧૦ ગોળની પાંતિ તે 'પાક-ગુડ' એમ કેટલાક કહે છે અને એને માળવા વગેરે દેશોમાં 'હાકબપાંતિ' તરીકે ઓળખાવે છે.

૧૧ જુઓ ત. સૂ. (અ. ૭, સૂ. ૩૦) નું સ્વોપરી ભાષ્ય અને એનાં તેમજ મૂળનાં વિવરણો.

૧૨ લેખનું કલેવર ધારવા કરતાં વધી જવાથી સંસૃષ્ટ-દ્રવ્યો અને ઉત્કૃષ્ટ દ્રવ્યોનું નિરૂપણ મેં જતું કર્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાધુસંન્યાસીઓ યુગદ્રષ્ટા બને!

લેખકઃ— મુનિ નમિચંદ્ર

આજનો યુગ ક્રાંતિનો યુગ છે, આ યુગે ઘણી ક્રાંતિઓને જન્મ આપ્યો છે, પહેલાં વીસ વરસમાં જે પરિવર્તન થયું હતું તે આજે બે–ચાર વરસમાં જ થઈ જાય છે. યુગ બહુજ ઝડપથી બદલતો જાય છે, જેમ જેમ યુગ બદલતો જાય છે, તેમ તેમ સમાજની સમસ્યાઓ, આવશ્યકતાઓ અને પરિસ્થિતિઓ પણ બદલાતી જાય છે. સમાજના રૂઢ માનસમાં પણ આજે તીવ્ર હીલચાલ પેદા થઈ ગઈ છે અને બદલવા નહીં માગનારને પણ યુગના આઘાતો ખાઈને બદલાવું પડે છે.

ભારત આઝાદ થયું પછી પણ કેટલું પરિવર્તન થઈ ગયું એ આપણે નજરે જોયું છે. જે રાજાઓ વર્ષોથી વંશપરંપરાથી રાજ્ય કરતા ચાલ્યા આવતા હતા, જેમને સ્વપ્નમાં પણ ખ્યાલ ન હતો કે અમારા હાથમાંથી રાજ્ય જતું રહેશે, તે યુગની જોરદાર માગે કરી બતાવ્યું. તિબેટના સર્વસત્તાધીશ ધર્મગુરૂ દલાઈ લામાને સ્વપ્ને પણ આ કલ્પના ન હતી કે મારે અહીંથી નાશીને ભારતનું શરણું લેવું પડશે, પણ તે થઈને જ રહ્યું. બ્રિટિશશાસન ભારતમાં ઘર ઘાલીને બેઠું હતું પણ ગાંધીજીના યુગાનુસારી સ્વરાજ્યના અહિંસક આંદોલને એવી રાજ્યક્રાંતિ કરી બતાવી કે બ્રિટિશશાસકોએ અહીંથી વિદાય થવું પડયું. આજે કોઈપણ વ્યક્તિ સમાજની પરિસ્થિતિ, યુગનો પોકાર અને જમાનાની ગતિ ઉપર વિચાર્યા વગર ચાલશે તો યુગ તેને પછાડી દેશે અને તે તેને એટલું પાછળ ધકેલી દેશે કે તેને ઉઠવામાં કદાચ વર્ષો સુધી પગથી માથા સુધી પરસેવો પાડવો પડે, એટલું જ નહીં બલ્કે યુગની માંગને ઠોકરે માર્યા પછી કદાચ તેને ફરીથી તે મોકો ન યે મળે.

સામાન્ય વ્યકિત યુગને પહેલાથી ઓળખી શકતી નથી, પણ જેને આપણે સમાજનું મસ્તિષ્ક કહીએ છીએ, સમાજનો માર્ગદર્શક કહીએ છીએ તેવી ઉચ્ચકોટિની અને વિશિષ્ટ વ્યક્તિ જો યુગને નહીં ઓળખવા જેવી ભૂલ કરી બેસે તો તેનો દંડ આખાય સમાજને ભોગવવો પડે છે. જુના વખતમાં " રાજા કાલસ્ય કારણં " કહેવામાં આવતું હતું, તે વખતે યુગ બદલવાનું કારણ રાજા શા માટે હતો? એટલા માટે નહિ કે રાજાના હાથમાં સત્તા હતી પરંતુ એટલા માટે કે યુગપ્રવર્તક ઋષિમુનિઓ અને બ્રાહ્મણોના મુખેથી યુગસંદેશ સાંભળીને તે તેને અમલમાં મુકવા પ્રયત્ન કરતો હતો. એને લીધે જ તે સેવાલક્ષી સત્તાવડે યુગ પરિવર્તન કરવામાં સહયોગ આપી શકતો હતો. પરંતુ મૂળ યુગપરિવર્તક તો યુગદૃષ્ટા ઋષિમુનિઓ કે બ્રાહ્મણો હતા. એટલા માટે જ કહ્યું છે—' ઋષયો મંત્રદૃષ્ટારઃ ' ( ઋષિયો યુગના મંત્રદૃષ્ટા છે. )

જૈનધર્મની દૃષ્ટિએ વિચારીએ તો માલુમ પડે છે કે દરેક તીર્થંકર જુના સમાજ (તીર્થ=સંઘ)ની વ્યવસ્થા, નિયમોપનિયમો અને મર્યાદાઓમાં યુગના પોતાના પરમદર્શન પ્રમાણે સુધારા–વધારા કરે છે. ઘણી ખરી જુની વસ્તુઓ યુગબાહ્ય થઈ જવાને લીધે તીર્થંકરો તેમનું નવીનીકરણ કરે છે. તેઓ સમાજની કક્ષા પ્રમાણે ધર્મને યુગના સંચામાં ઢાળવાનો પ્રયત્ન કરે છે.

તીર્થંકરના ગયા પછી પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે સમાજની વ્યવસ્થાઓ, નીતિનિયમો અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મર્યાદાઓમાં પરિવર્તન કરવાની કે સંશોધનપરિવર્ધન કરવાની તેમની નક્કર આજ્ઞા પ્રમાણે પાછળના આચાર્યો અથવા ક્રાંતિપ્રિય સાધુઓ ઘણા નીતિ-નિયમો, વ્યવસ્થાઓ કે મર્યાદાઓમાં પરિવર્તન કરે છે. તીર્થંકર અનેક સામાજીક પરિવર્તનો કરતા હતા. તેમાં જેમ સિદ્ધાંતનું સાતત્ય સચવાતું હતું, એજ રીત તેમના પરંપરાનુગામી આચાર્યો કે ક્રાંતિપ્રિય સાધુઓ અનુસરે છે. તેથી તેમની સાધુતાને કોઈપણ આંચ આવતી નથી. ભ. પાર્શ્વનાથના સાધુઓ જુદા-જુદા રંગવાળા વસ્ત્રોનો ઉપયોગ કરતા હતા. અને ભ મહાવીરે પોતાના સાધુઓ માટે સફેદ વસ્ત્રોનું વિધાન કર્યું, તેથી ભગવાન પાર્શ્વનાથના સાધુઓમાં સાધુતા રહી નથી એવું તો કંઈ હતું જ નહીં, અથવા ભ. પાર્શ્વનાથવિહિત ચાતુર્યામ ( ચાર મહાવ્રત )ને ઠેકાણે ભ. મહાવીરે પાંચ મહાવ્રતનું વિધાન કર્યું. તેથી સાધુતાનો દરજ્જો ઓછો થતો ગયો, એવું પણ કંઈ નથી, સાધુતાનું મૂલ્યાંકન સિદ્ધાંતપ્રિયતા ઉપરથી થતું આવ્યું છે ને થવું જોઈએ, નહિ કે બાહ્યનિયમો કે મર્યાદાઓ ઉપરથી. એ કહેવાની ભાગ્યે જ જરૂર છે કે પાંચ મહાવ્રતોના મૂળ ભાવોને સાચવીને જ ફેરફાર કરવાની જરૂર હોય છે.

આવાજ ખ્યાલથી ભ. મહાવીરે યુગને ઓળખવાની અને યુગ પ્રમાણે આચાર વ્યવસ્થા ગોઠવવાની વાત પોતાના શ્રમણો અને શ્રમણોપાસકને કરી છે. આચારાંગસૂત્રમાં સાધુને 'કાલન્ને' (કાલજ્ઞ–યુગને ઓળખનાર) થવાની વાત કરી છે. સાથે જ દશવૈકાલિકસૂત્રમાં સાધકોને યુગાનુકુળ આચાર ગોઠવવાની વાત " કાલે કાલે સમાયરે " શબ્દો દ્વારા કહેવામાં આવી છે, તેમજ એજ સૂત્રમાં સામાજીક મૂલ્યોને યુગાનુકુલ બદલવા માંગનાર સાધકને લક્ષમાં રાખીને એ ગાથા કહેવામાં આવી છે.

"બલં થામંચ પેહાએ, સદ્ધા મારુગ્ગમ પ્પણો ।
ખેતે કાલંચ વિજ્ય, તહપ્પાણું નિ ઉંજએ ॥

એટલે સાધક પોતાની શકિત, ધૃતિ–શ્રદ્ધા અને આરોગ્યને જોઈને તથા ક્ષેત્રયુગ(કાળ)નું વિશિષ્ટજ્ઞાન મેળવીને પોતાને ( સામાજીક મૂલ્યો બદલવામાં ) લગાડી દે.

દરેક ધર્મસંસ્થાપક પોતપોતાના યુગક્ષેત્ર (દેશ) પરિસ્થિતિ, લોકમાનસ અને લોકશક્તિને જોઈને જ ધર્મનો સંદેશ જનતાને આપે છે. આ વાત તો તે ધર્મશાસ્ત્રમાંથી સિદ્ધ થાય છે. રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ઈશુખ્રીસ્ત, હજરતમહમદ અને જરથુસ્ત વ. મહાત્માઓએ પોતપોતાના ક્ષેત્ર (દેશ) કાળ (યુગ) પરિસ્થિતિ અને લોકમાનસને જોઈને જ ધર્મનું વિધાન કર્યું છે.

જગદ્‌ગુરૂ શ્રી આદ્ય શંકરાચાર્યે યુગને ઓળખીને ધર્મમાં યુગાનુરૂપ પરિવર્તન કરવાની વાત સ્પષ્ટ શબ્દોમાં કહી છે. " યસ્મિન્ દેશે કાલેચ યો ધર્મો ભવતિ, સએવ દેશાંતરે કાલાંતરે સાધર્મો ભવત્યેવ." જે દેશ અને કાળમાં જે વસ્તુ ધર્મ હોય છે, તે જ વસ્તુ દેશ અને કાળ પલટી જવાથી અધર્મ થઈ જાય છે.

કેટલી સચોટ આ યુગદૃષ્ટિ છે ? સામાન્યમાં સામાન્ય માણસ પણ દેશ–કાળ પલટાતાં જ પોતાના ખોરાક, પોશાક, અને રહેણીકરણીમાં પરિવર્તન કરી દે છે. જે કપડાં, ખોરાક કે રહેણીકરણી ઉનાળાની મોસમમાં અનુકુળ હોય છે, તેજ કપડાં, ખોરાક કે રહેણીકરણી શિયાળામાં અનુકુળ નથી હોતાં. ઋતુ પલટાતાં જ માણસ પોતાનાં ખોરાક, પોશાક અને રહેણીકરણીમાં ફેરફાર કરી દે છે, તે જ રીતે દેશ અને કાળ (યુગ) પલટાતાંની સાથે જ જે ધાર્મિક આચાર–વિચાર યુગબાહ્ય થઈ જાય છે, તેમને પલટવા અનિવાર્ય છે આ વાત શાણો માણસ કેમ ભૂલી જાય છે. ?

સામાન્ય માણસ યુગના સ્પષ્ટ દર્શનમાં કદાચ ભૂલ કરી બેસે, અને પરિવર્તન નહિ કરે તે સમજી શકાય, પણ સાધુ સંન્યાસીઓ, જેઓ યુગના પગરણ ઓળખનારાઓ અને સ્પષ્ટ માર્ગદર્શન કરનારા હોય,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ જો યુગની પાછળ ઢસડાતા હોય, પલટો નહિ લાવતા હોય, તો આ વાત કેટલી હાસ્યાસ્પદ અને અનર્થની પરંપરાને જન્માવનાર બની જાય છે ?

ક્રાંતિપ્રિય જૈન શ્રમણોએ જોયું કે જો આગમ-જ્ઞાનની ગુરૂ મુખેથી શ્રવણ કરીને કંઠસ્થ કરવાની પરંપરાને પલટવામાં નહિ આવે અને આગમોને લિપિબદ્ધ નહિ કરવામાં આવે તો ભવિષ્યમાં જ્ઞાન-પરંપરા સુરક્ષિત રહી શકશે નહિ. એટલે યુગને ઓળખીને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જોઇને તેઓએ આગમોને હાથથી લખવાની પરંપરા શરૂ કરીને તે વિશાળ જ્ઞાનને સાચવી રાખ્યું.

સમય પલટયો, મુદ્રણકળાનો આવિષ્કાર થયો. અને લખવા કરતાં છાપવામાં પ્રચાર પણ વધારે થઇ શકે અને જ્ઞાન પણ સર્વસુલભ થઇ શકે, આમ વિચારીને સમાજે શાસ્ત્રોને હસ્તલેખીત કરવા કરતાં છાપવાનું ઠીક ગણ્યું. અને આજે તો હજારો શાસ્ત્રો અને ગ્રંથો પ્રકાશિત થઇ ચુકયા છે. યુગદ્રષ્ટા શ્રમણોએ રૂઢિચુસ્ત સમાજનો વિરોધ હોવા છતાં પણ જ્ઞાનપ્રચાર અને જ્ઞાનારાધનાના સિદ્ધાંતને લક્ષ્યમાં રાખીને શાસ્ત્રો છપાય, એમાં વિરોધ નથી નોંધાવ્યો.

જગદ્‌ગુરુ શંકરાચાર્યે બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, અને વાનપ્રસ્થાશ્રમ, એ ત્રણે આશ્રમો પાર કરીને જ સંન્યાસાશ્રમ સ્વીકારી શકવાની પૂર્વ પરંપરાને બદલીને બ્રહ્મચર્યાશ્રમ કે ગૃહસ્થાશ્રમથી પણ સીધો સંન્યાસાશ્રમ સ્વીકારી શકાય છે એ વિધાન યુગને ઓળખીને કર્યું હતું.

સ્વામી વિવેકાનંદ અને સ્વામી રામતીર્થ જેવા યુગદ્રષ્ટા સંન્યાસીઓએ સમુદ્ર પાર કરીને, વિદેશ જવું એ રૂઢ પરંપરામાં નિષિદ્ધ હોવા છતાં, વેદાન્તનાં પ્રચારને વિશ્વજનસુલભ બનાવવા માટે વિદેશોમાં જવાનું સ્વીકાર્યું. અને આ યુગ ધર્મના દર્શન સંન્યાસીઓને કરાવ્યા.

વચ્ચે શ્વેતાંબર જૈન સાધુઓમાં ગૃહસ્થ પંડિતો પાસે સંસ્કૃતનો અભ્યાસ કરવાની પરંપરા બંધ હતી. કિંતુ યુગદ્રષ્ટા આચાર્યો અને મુનિઓએ સંસ્કૃતભાષા અને તેમાં ષડ્‌દર્શન, ન્યાય તથા વિભિન્ન ધર્મશાસ્ત્રોનું નક્કર અધ્યયન કરવાની પરંપરા ફરીથી ચાલુ કરી છે.

મહાત્મા ગાંધીજી દ્વારા ઉપદેશાયેલ અસ્પૃશ્યતા નિવારણ, સર્વ ધર્મ સમન્વય, ખાદી-ગ્રામોદ્યોગ પ્રચાર વગેરેને યુગ ધર્મ સમજીને ઘણા પંકાયેલા હિંદુ ધર્મના વિદ્વાનો અને જૈન તથા સનાતન (વૈષ્ણવ) ધર્મી વિદ્વાનો આ યુગ ધર્મને અનુસર્યા છે.

જે સામુદાયિક અહિંસાને એક દિવસ અહિંસાની સાથે સંતાયેલી કાયરતા ગણવામાં આવતી હતી અને વ્યક્તિગત સાધનાની વસ્તુ હતી-તે અહિંસાને વીરતા અને સામુદાયિક સાધનાની વસ્તુ બનાવીને મહાત્માજીએ આખા ભારતરાષ્ટ્રને યુગધર્મના દર્શન કરાવ્યા હતા. એટલું જ નહીં બલ્કે છલ-પ્રપંચ, અને કાવાદાવાનું ક્ષેત્ર ગણાતા રાજકારણમાં પણ સત્ય અને અહિંસાને દાખલ કરાવીને જગતને આશ્ચર્યમાં મૂકી દીધું હતું.

આજે બીજા સામાન્ય માણસો કરતા સાધુ-સંન્યાસીઓએ સૌથી પહેલા યુગદ્રષ્ટા બનવાની જરૂર છે. જુના વખતમાં મંદગતિથી યુગ પલટાને લીધે, ભૌગોલિક સીમાઓ સાંકડી હોવાને લીધે, અને યાતાયાતના સાધનો બહુજ મંદગતિવાળા હોવાને લીધે યુગને વહેલા ન ઓળખતા છતાં ચાલતું હતું. પણ આજે તો ભૌગોલિક સીમાઓ વિસ્તૃત હોવાને લીધે તથા વિજ્ઞાને આપેલા યાતાયાતના ઘણા જ ઝડપી સાધનોને લીધે યુગ બહુજ ઝડપથી પલટતો જઇ રહ્યો છે. ત્યારે એવે વખતે વહેલી તકે યુગના સ્પષ્ટ દર્શનની અનિવાર્ય જરૂર છે.

જો સાધુસંન્યાસીઓ આજના યુગને ઓળખશે નહિ, પોતાના યુગના બધાજ વિચારપ્રવાહો, પ્રશ્નો, વાદો, સમસ્યાઓ અને બળોનો ઉંડાણથી અભ્યાસ કરશે નહિ તો તેઓ પોતે તો પાછળ રહેશે તે રહેશે જ, પણ સમાજ અને રાષ્ટ્રને પણ પાછળ રાખવાનો મોટો અપરાધ કરશે, કોઇ પણ

For Private And Personal Use Only

સાધુસંન્યાસી જો પાછળ રહે તો તે ધર્મ અને સંસ્કૃતિ યથાયોગ્ય વિકાસ થવા પામતાં નથી. ધર્મમાં કુરૂઢિઓ, દંભો, અવિશ્વાસો અને ચમત્કારોને પેસવાનો મોકો મળી જાય છે. અને સમાજ તથા રાજ્ય પણ યુગદર્શનને અભાવે ધર્મને બદલે સત્તા, ધન કે બીજા અનિષ્ટો તરફ વળી જાય છે. સાધુસંન્યાસીઓને જો યુગનું સ્પષ્ટ દર્શન હોય તો તેઓ યુગે-યુગે પેદા થતી અવનવી સમસ્યાઓ અને પરિસ્થિતિઓની સાથે સિદ્ધાંતરક્ષાપૂર્વક ધર્મનો મેળ બેસાડી શકે છે. યુગના જ્વલંત પ્રશ્નોને ધર્મદૃષ્ટિએ ઉકેલી શકે છે. યુગના વિચારપ્રવાહોની સંસ્કૃતિ અને ધર્મની સાથે સંગતિ બેસાડી શકે છે, બધાય વાદો અને ધર્મનો પરસ્પર સમન્વય કરી શકે છે. સામાજીક મૂલ્યોને લક્ષમાં રાખીને ધર્મની સામુદાયિક રીતે આરાધના કરી-કરાવી શકે છે અને જુનાં ખોટાં મૂલ્યોને નિવારીને સમાજમાં નવાં સાચાં મૂલ્યોને સ્થાપી શકે છે. પરંતુ દુઃખની વાત એ છે કે મહાત્મા ગાંધીજી સંન્યાસઆશ્રમી નહી હોવા છતાં વાનપ્રસ્થી જીવનમાં જે યુગસત્યનાં સ્પષ્ટ દર્શન કરાવી શકયા હતા તેને આજના મોટાભાગના સાધુસંન્યાસીઓ ઝીલી શકયા નહીં, એટલું જ નહી બલ્કે ગાંધીજી યુગદર્શનમાં આગળ વધી ગયા જ્યારે સાધુસંન્યાસીઓ પાછળ રહી ગયા. આજે તો સમય પાકી ગયો છે. તેમણે જે યુગસત્યનું ઉદ્‌ઘાટન કર્યું હતું તેને સાધુસંન્યાસીઓ વહેલી તકે ઓળખે અને સમાજમાં નવી ક્રાન્તિનો શંખ ફૂંકે. દરેક વસ્તુમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યની જૈનધર્મની દૃષ્ટિ ક્રાન્તિનો અમર સંદેશ આપી રહી છે. જગતની, ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયની વૈદિક ધર્મની દૃષ્ટિ પણ ક્રાન્તિની પ્રેરણા આપી રહી છે. તે ક્રાન્તિ બીજી કંઇ નહી પણ મૂલ્ય પરિવર્તન કરવું એજ છે. આવી મૂલ્ય પરિવર્તનરૂપ ક્રાન્તિ કરવામાં મોટાભાગના સાધુસંન્યાસીઓના પગ લથડી રહ્યા છે તેનાં મુખ્ય કારણો છેઃ- સ્વત્વમોહ, કાળમોહ, અને પ્રતિષ્ઠામોહ. કેટલાક સાધુઓને પોતાપણાનો મોહ છે. પોતાના માની લીધેલા ધર્મ, જ્ઞાતિ, દેશ, ભાષા વગેરેને સર્વશ્રેષ્ઠ કહે છે, અને બીજા ધર્મો, જ્ઞાતિઓ, દેશો, ભાષાઓ વગેરેને અત્યંત નિકૃષ્ટ કહે છે. તેમજ પોતાના ધર્મ, જ્ઞાતિ, દેશ, ભાષા વગેરે ઘણા જૂના બતાવે છે. બીજાનાને પાછળના અને આ રીતે પોતાનાને સર્વશ્રેષ્ઠ માને છે. તેમાં યુગાનુકુળ ક્રાન્તિ કરવા, તેમાં દાખલ થયેલી વિકૃતિઓને છોડવા અને યુગબાહ્ય થઇ જવા છતાં પણ તેમાં સંશોધન અને પરિવર્તન કરવા માટે તૈયાર રહેતા નથી. યુગસત્ય સમજવા છતાં પણ પોતાના માનેલા સંપ્રદાયમાં જ જુની યુગબાહ્ય અને અહિતકર વાતોને ચલાવતા રહેવાથી જામેલી પ્રતિષ્ઠા છૂટી જવાની બીકે ઘણા ખરા વિચારક અને વિદ્વાન ગણાતા માણસો પણ યુગબાહ્ય વાતોને વળગી રહે છે અને સમાજમાં જુનાં ખોટાં મૂલ્યોને ચાલુ રહેવા દે છે.

હવેનો જમાનો સાધુસંન્યાસીઓ જેવા ઉચ્ચ કોટિના પુરૂષોની આ યુગ દર્શન ઉપેક્ષાને સહી શકશે નહી. તેમણે પ્રતિષ્ઠા, પરિગ્રહ અને પ્રાણ સુદ્ધાંની પરવા તજીને યુગધર્મને વહેલામાં વહેલી તકે ઓળખવો પડશે અને સમાજને યુગાનુલક્ષી માર્ગદર્શન આપવું પડશે.

# સ્વીકાર અને સમાલોચના

**સ્વાનુભવચિંતન :**— ચિંતક અને લેખક—**શ્રી ફતેહચંદ ઝવેરભાઈ,** પ્રકાશક—શ્રી આધ્યાત્મ જ્ઞાન પ્રચારક મંડળ-મુંબઇ, કિંમત ૨-૦૦ રૂપિયા.

આ ગ્રંથના લેખક જૈન તત્ત્વજ્ઞાનના ઉંડા અભ્યાસી અને ચિંતક છે, સિત્તોતેર વર્ષની વયે પણ યુવાન જેવી ધગશ અને સ્ફૂર્તિ ધરાવતા આ લેખક આ સભાના ઉપપ્રમુખ છે અને બીજી પણ ઘણી સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા છે. લગભગ પચાસ વર્ષ પૂર્વે આ જ માસિકમાં તેમના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લખાયેલા તેમના લેખો તથા કાવ્યોનો આ સંગ્રહ છે. જુદા જુદા વિષયો ઉપર ઊંડા ચિંતન અને મનનપૂર્વક લખાયેલા આ લેખોમાં સુંદર આકર્ષક અને ઉપયોગી વિચારધારાનો એકધારો પ્રવાહ વહે છે. વિષયોનું પ્રતિપાદન પણ વ્યવસ્થિત અને રોચક છે. પૂ. આનંદઘનજી જેવા નિજાનંદમસ્ત યોગીશ્વરના કેટલાક પદો ઉપરથી રચેલ કાવ્યો તેમજ બીજા પણ આત્મિકભાવનું નિરૂપણ કરતા કેટલાંક કાવ્યો આ પુસ્તકનું એક સુંદર અને સુવાચ્ય અંગ બની રહે છે, પુસ્તકના અંતમાં આપેલ માધુકરી વિભાગ પુસ્તકની ઉપયોગીતા ને આકર્ષકતામાં વધારો કરે છે. પૂ. મુનિમહારાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ તથા પૂ. મુનિમહારાજશ્રી જંબુવિજયજી મહારાજના પ્રાપ્ત થયેલ આશીર્વચનો આ પુસ્તકને વધુ સમૃદ્ધ કરે છે. શ્રી આધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળના પ્રમુખ શ્રી મનસુખલાલ તારાચંદ મહેતાએ લખેલ સુંદર આમુખ, જાણીતા સિદ્ધહસ્ત લેખક શ્રી ધીરજલાલ ટોકરશી શાહે ગ્રંથ લેખકનો આપેલ જીવન પરિચય અને બીજા પણ કેટલાક લેખકોએ ગ્રંથલેખકને આપેલ ભાવભરી અંજલીઓ આ પુસ્તકના વિશિષ્ટ અંગો બની રહે છે. ચિંતન અને મનન કરવા યોગ્ય આ પુસ્તક ખાસ વસાવવા યોગ્ય છે.

**શ્રીમદ્ રાજચંદ્ર જીવન જ્યોત :**—( 'શ્રીમદ્ રાજચંદ્ર જીવન પ્રભા' નું અનેક વિધ વધારા સહિત નવસંસ્કરણ ) લેખક :– પૂ. મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ (જિજ્ઞાસુ) પ્રકાશક :—શ્રી જીવનમણિ સદ્વાંચનમાળા ટ્રસ્ટવતી લાલભાઈ મણીલાલ શાહ ઠે. હઠીભાઈના દેરા સામે, અમદાવાદ મૂલ્ય ૧–૨૫ પોસ્ટ ખર્ચના ૦–૨૫ ચાર આના બીડવાથી સીલીકમાં હશે ત્યાં સુધી નીચેના સરનામેથી વિના મૂલ્યે મળી શકશે :—માણેકલાલ છોટાલાલ ગાંધી, ઠે. ઇનરનેશનલ કોટન કોપા, ૪ લી. ગ્લોબ ચેમ્બર્સ, પો. બો. નં. ૧૫૭૪, મુંબઈ ૧.

આ પુસ્તકમાં આત્મજ્ઞાનની ઊંચી ભૂમિકાએ પહોંચેલા શ્રીમદ્ રાજચંદ્રના પવિત્ર જીવનનું આલેખન કરવામાં આવ્યું છે. આવા દેહાત્મભાવથી પર પહોંચેલા મહાત્માને લોકો યથાર્થ સ્વરૂપે ઓળખી શકે તેવા ઉદ્દેશથી વિદ્વાન્ જિજ્ઞાસુ મુનિમહારાજે શ્રીમદ્‌ના પવિત્ર અને ઊર્ધ્વગામી જીવનવિકાસનો પરિચય કરાવવા ઉપરાંત તેમની અન્ય લોકોત્તર વિશિષ્ટતાનો, પરિશિષ્ટ વિભાગમાં છ વિષયો દાખલ કરી સુસંગત પરિચય આપ્યો છે. શ્રીમદ્‌ના પત્રોની નોંધ તથા અન્ય અવતરણો અમૂલ્ય જ્ઞાનપ્રાસાદીનો લાભ આપે તેવા છે, લેખની લેખનશૈલી અસામાન્ય છે. તેમના શબ્દે શબ્દે અધ્યાત્મરસ ઝરે છે. તેમનો પ્રશમભાવ, તીવ્ર વૈરાગ્ય, અસંગવૃત્તિ, કલ્પાપજપ, ઇન્દ્રિયનિગ્રહ વગેરે ઉત્કૃષ્ટ પ્રકારના હતા જેનો ટુંક મનનીય ઉલ્લેખ પ્રસ્તાવનામા પણ કરવામાં આવ્યો છે.

આ રીતે એક સમર્થ વિચારક અને જેમનું જીવન ઉચ્ચ કોટીનું હતું તેવા પુરુષના જીવનનું આલેખન કરતું આ પુસ્તક જિજ્ઞાસુઓએ ખાસ વાંચવા, વિચારવા અને વસાવવા યોગ્ય છે

**યાત્રા પ્રવાસ અંક :**—સંપાદક–શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, પ્રકાશક–શ્રી ગોધારી જૈન મિત્ર મંડળ વતી શ્રી હીરાલાલ જુઠાલાલ શાહ, મૂલ્ય રૂપિયા બે.

શ્રી ગોધારી જૈન મિત્ર મંડળ મુંબઈ તથા શ્રી ચંદ્રપ્રભુ જૈન ભક્તિમંડળના સંયુક્ત ઉપક્રમે સમેતશિખરજી, પાવાપુરી વગેરે તીર્થોનો પીસ્તાલીશ દિવસનો યાત્રા પ્રવાસ યોજવામાં આવ્યો હતો. તેને અનુલક્ષીને પ્રસ્તુત અંક બહાર પાડવામાં આવ્યો છે. આ અંકમાં યાત્રા પ્રવાસનું વિસ્તૃત, વ્યવસ્થિત અને રોચક વર્ણન આપવામાં આવ્યું છે. ઝીણવટભરી માહિતીથી ભરપુર આ દળદાર અંક યાત્રા પ્રવાસે જનારાઓ માટે ખરેખર એક ભોમીયા (ગાઇડ જેવો બની રહે છે. તીર્થયાત્રા અંગેના લેખો અને ફોટાઓ અંકની શોભા સમૃદ્ધિમાં વધારો કરે છે. અંક ખાસ વસાવવા અને વાંચવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAN PRAKASH Reg. No. G49

સમાજમાં જુદા જુદા સ્વભાવનાં માણસો સાથે આપણને રોજ પ્રસંગ પડે છે. કુટુંબમાં પણ જે માણસો હોય છે. તે બધાનો સ્વભાવ એક જ પ્રકારનો હોતો નથી માતા અને પિતા; પતિ અને પત્ની, ભાઈ અને બેન, શેઠ અને નોકર, પાડોશી અને પાડોશી આ બધામાં વિવિધ પ્રકારના સ્વભાવ જોવામાં આવે છે. અને તેથી સંઘર્ષ થાય છે. ચિત્તને ક્લેશ થાય છે. માનવી દુ:ખી થાય છે. કેટલાક આત્મઘાત કરી જીવનો અંત આણે છે. આ દૃષ્ટિએ જગતને જોનાર માણસોમાં વૈરાગ્યની ભાવના જાગે છે.

એટલું તો ખરૂં કે દુઃખમાંથી છુટવાની અને સુખ મેળવાની ઇચ્છા બધાય માણસોને થાય છે. એ તો આપણા અનુભવની વાત છે. આપણા ઋષિમુનિઓએ જગતના કલ્યાણ માટે ઘણા ઉપાયો દર્શાવ્યા છે. સ્વભાવ ભેદને લીધે જે દુઃખ ઉભું થાય છે; તેને પણ દૂર કરવાનું સાધન સ્થિતપ્રજ્ઞ પુરૂષો એ દર્શાવ્યું છે. પ્રાણ અને પ્રકૃતિ સ્વભાવ સાથે જ રહે અને સાથે જાય. એ આપણી કહેવત સ્વભાવનું કેટલું બળ છે તે જણાવે છે.

પ્રકૃતિ સ્વભાવ પ્રાણથી છુટે તેમ નથી; એ સાચી હકીકત જરા ધ્યાનમાં રાખવાની જરૂર છે. સ્વભાવ બદલવાને માટે અંગત પ્રયત્નોની આવશ્યકતા હોય છે. તેથી આપણે જો સંયમ પાળીએ તો બીજાઓના જુદા જુદા સ્વભાવોને ગળી શકીએ. સાત્વિક આહાર વાચન અને સત્સંગ એ ત્રણ સાધનોની શક્તિ અસાધારણ છે. કોઇને ઉદ્વેગ થાય એવી વાણી ન બોલવી, એવું વર્તન કરવું, સર્વના તરફ પ્રેમભાવ રાખવો મારૂં તારૂં એ ભેદ ભૂલવો: આ અને આવા જે જે નિયમો જણાવામાં આવ્યા છે તે નિયમો પાળવાથી બધી જાતના સ્વભાવોને આપણે પી જઈશું વિરૂધ પ્રકારનો સ્વભાવ જોતા માણસોને એકદમ ક્રોધ ચઢે છે. અને ગમે તેમ બોલે છે. ક્રોધ તો રજોગુણનું કાર્ય છે અને જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનાર છે. જયારે ક્રોધ આવે ત્યારે મૌન ધારણ કરવું એમ આપણાં શાસ્ત્રો કહે છે. વ્યવહારમાં પણ આપણે મૌનનું મહત્વ અનુભવીએ છીએ.

એક તત્વચિંતકે કહ્યું છે કે પ્રભુ જ આ પ્રમાણે બોલે છે. એમ માની કઠોરમાં કઠોર વચનને માણસે સહન કરવું. જૈન દર્શનમાં સ્યાદ્વાદનો ફક્ત તાત્વિક ચર્ચા માટે ઉપયોગ છે એમ નથી પણ આપણા રોજના જીવનમાં પણ તે બહુ ઉપ[illegible]. જુદી જુદા નજર બિંદુઓ જોવા તેને સમજવા અને બધાનો સમન્વય કરવો એ કા[illegible]ાદ્વાદનું છે.

(પ્રો. ગોવિંદલાલ ભટ્ટ)

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનન્દ પ્રીન્ટીંગ પ્રેસ. ભાવનગર

For Private And Personal Use Only